પાલનપુરમાં લોકોને હની ટ્રેપમાં ફસાવી નાણાં પડાવતી ટોળકી ઝબ્બે

પાલનપુર પંથકમાં લોકોને હનીટ્રેપમાં ફસાવી તોડ કરી નાણાં પડાવતી ટોળકીને તાલુકા પોલીસે ઝડપી લીધી હતી. ટોળકીમાં પાલનપુર તાલુકાના જગાણાની એક મહિલા અને બે શખ્સો તેમજ કુષ્કલ અને ગઢ ગામના અન્ય બે શખ્સોએ દસથી વધુ લોકોને પોતાની ઝાળમાં ફસાવી લાખો રૂપિયા પડાવ્યા હોવાનું ખુલસવા પામ્યું છે. પોલીસે તમામ સામે કાયદેસરની કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુર પંથકમાં એક ટોળકી દ્વારા હનીટ્રેપમાં ફસાવી લોકો પાસેથી નાણાં પડાવવામાં આવી રહ્યા હોવાની ફરિયાદ મળતાં જિલ્લા પોલીસવડા પ્રદિપ સેજુળની સૂચનાથી પાલનપુર તાલુકા પીએસઆઈ એ.એમ. પટેલે સ્ટાફના વિનોદભાઈ, ઘેમરભાઈ, ગોવિંદભાઈ, હિતેન્દ્રભાઈ, દિપકભાઈ સાથે તપાસ હાથ ધરી હતી. જેમાં સફળતા મળતા હનીટ્રેપમાં ફસાવતી ટોળકીને ઝબ્બે કરી છે. આ શખ્સોએ અત્યાર સુધીમાં સંખ્યાબંધ લોકોને પોતાની ઝાળમાં ફસાવી લાખો રૂપિયા પડાવ્યા હોવાનું ખુલવા પામ્યું છે. દરમિયાન પોલીસે આ ટોળકીને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માંગણી કરી હતી. જોકે ન્યાયાધીશે રિમાન્ડ ન આપતાં તમામને પાલનપુર સબ જેલના સળીયા પાછળ ધકેલી દેવાયા હતા.

લોકોને ઝાળમાં કેવી રીતે ફસાવતા હતા

આ ટોળકી કોઈ વ્યક્તિનો મોબાઈલ નંબર મેળવી રોશની સાથે વાતો કરાવતા હતા અને રોશની તેને મળવા બોલાવતી તે સમયે બીજા આરોપીઓ જે તે જગ્યાએ પહોંચી બંનેના ફોટો અને વીડિયો બનાવી વાયરલ કરવાની અને ફરિયાદ કરી બદનામ કરવાની ધમકીઓ આપતા અને રૂપિયાની માંગણી કરતા હતા.

હનીટ્રેપમાં લોકોને ફસાવટી ટોળકીના નામ

રોશનીબેન નાનજીભાઈ ચૌધરી (રહે. જગાણા, તા. પાલનપુર)
કલ્પનાબેન નાનજીભાઈ ચૌધરી (રહે. જગાણા, તા. પાલનપુર)
દિનેશભાઈ નાનજીભાઈ ચૌધરી (રહે. જગાણા, તા. પાલનપુર)
નરેશ પરથીભાઈ ઠાકોર (રહે. આકેસણ, તા. પાલનપુર)
સુરેસજી ઈશ્વરજી ઠાકોર (રહે. ગઢ, તા. પાલનપુર)

કોની પાસેથી કેટલા નાણાં પડાવ્યા

આ ટોળકીએ પાલનપુર તાલુકાના ભાગળ ગામના શામળભાઈ વિરજીભાઈ કેદલિયા પાસેથી લગ્ન કરવાના રૂપિયા ૮ લાખ, ખેરાલુના લાલજીભાઈ કાથરોટીયા પાસેથી લગ્ન કરવાના રૂપિયા ૭ લાખ, બામોસ ગામના મફતલાલ દેસાઈ પાસે સગુ કરવાના રૂપિયા ૪ લાખ, પાલનપુર તાલુકાના કઢના યુવાન પાસેથી હની ટ્રેપ કરી રૂપિયા ૧ લાખ, નાવિસણાના યુવાન પાસેથી હનીટ્રેપ કરી રૂપિયા ૫૦ હજાર, આકેસણના ૩ યુવાનો પાસે અલગ અલગ સમયે હનીટ્રેપ કરી રૂપિયા પડાવ્યા હતા. પાટણના યુવાન પાસેથી હની ટ્રેપ કરી રૂપિયા ૨૫ હજાર, તેમજ વેડંચા, માલોસણા અને છાપીના યુવાનો પાસેથી પણ હનીટ્રેપ કરી નાણાં પડાવ્યા હતા. જેમણે ધમકી તેમજ આબરૂ જવાની બીકે ફરિયાદ આપી ન હતી.

અરવલ્લી જિલ્લામાં તાજેતરમાં મોડાસા ટાઉનહોલમાં કેબિનેટ મંત્રી આર.સી. ફળદુ અને પ્રદેશ મંત્રી જિલ્લાના પ્રભારી હર્ષદગિરિ ગોસ્વામી, જિલ્લા ભાજપા પ્રમુખ રણવીરસિંહ ડાભી તેમજ અરવલ્લી મહિલા મોરચાના પ્રમુખ જલ્પાબેન ભાવસારની ઉપસ્થિતિમાં સદસ્યતા વૃદ્ધિ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો. જિલ્લા ભાજપ કચેરી આગળ વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લાના તમામ તાલુકા અને નગરના અપેક્ષિત કાર્યકરોને પણ આ અભિયાન અંતર્ગત ઓનલાઈન સદસ્ય નોંધણી કરવામાં આવી હતી.

એરિસ લાઇફસાયન્સિસ અને પ્લેક્સસએમડીએ ભારતમાં ડોક્ટરો માટે વિશિષ્ટ એઆઈ-પાવર્ડ ઓનલાઈન લર્નિંગ પ્લેટફોર્મ સારથી માટે જોડાણ કર્યું

અગ્રણી ફાર્માસ્યુટિકલ કંપની એરિસ લાઈફસાયન્સિસ અને ડૉક્ટરો માટે ભારતનું સૌથી મોટુ પ્રોફેશનલ નેટવર્કિંગ પ્લેટફોર્મ પ્લેક્સસએમડીએ આજે વિશિષ્ટ એઆઈ-પાવર્ડ લર્નિંગ પ્લેટફોર્મ ''સારથી'' માટે એમની પાર્ટનરશિપની જાહેરાત કરી હતી. આ પ્લેટફોર્મ દ્વારા કંપનીઓનો ઉદ્દેશ ભારતીય ફિઝિશિયનને આંતરરાષ્ટ્રીય ઘટનાઓ અને પ્રેક્ટિસનાં પુરાવા-આધારિત દવાઓ સાથે જોડાયેલા રાખવાનો છે, જેથી તેઓ દર્દીની સારવાર માટેનાં પરિણામોમાં સુધારો કરી શકે. જે ફિઝિશિયનો પોતાની પ્રેક્ટિસમાં વધારે અસરકારક રીતે આ જાણકારીનો ઉપયોગ કરવા ઈચ્છે છે, એમનાં માટે આર્ટિફિશિયલ ઇન્ટિલિજન્સ (એઆઈ) અને મશીન લર્નિંગ કન્ટેન્ટને બનાવી શકે છે તથા પ્રેક્ટિસ કરતાં દરેક ફિઝિશિયનની ડિલિવરીની ઝડપને સ્વીકારે છે.

આ એપ-આધારાતિ પ્લેટફોર્મ ફિઝિશિયન માટે કન્ટિન્યૂઇંગ મેડિકલ એજ્યુકેશન (સીએમઈ), મેડિકલ કન્ટેન્ટ, મેડિકો-લીગલ ઉદાહરણો, મેડિકલ કોન્ફરન્સની ફીડ, કેસ ડિસ્કશન પ્રદાન કરવા માટે વન-સ્ટોપ ડેસ્ટિનેશન બનશે. ''સારથી'' ઇન્ટરેક્ટિવ, ઇનોવેટિવ અને પ્રસ્તુત પ્લેટફોર્મ છે, જે ડૉક્ટરો મોટ શીખવાની પ્રક્રિયા સરળ બનાવે. જેઓ મેડિકલ ક્ષત્રમાં લેટેસ્ટ ડેવલપમેન્ટ સાથે જોડાણ જાળવવામાં સમયને અભાવ અનુભવે છે.

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સક્ષમ ટેકનોલોજી સાથે સારથી ડૉક્ટરોને તેમનાં પુરાવા-આધારિત પ્રેક્ટિસમાં મદદ કરશે, જે દરેક દર્દીનાં કેસમાં વિશિષ્ટ હોઈ શકે છે. એપની વિશિષ્ટ ખાસિયત કેલ્ક્યુલેટર છે, જે ડૉક્ટરોને જડપથી યોગ્ય ડોઝ, દવાઓનો સમન્વય કરવા અને સામાન્ય રીતે સામનો કરવો પડે એવી સ્થિતિ માટે નિદાન માપદંડો પર પહોંચવામાં ઝડપથી મદદરૂપ થશે. આ પ્રકારની ઓફર માટેની જરૂરિયાત પર ભાર મુકીને એરિસ લાઈફસાયન્સિસ લિમિટેડનાં પ્રસિડન્ટ મેડિકલ ડૉ. વિરાજ સુવર્ણાએ કહ્યું હતું કે, 'આ બે પથપ્રદર્શક કંપનીઓ વચ્ચેનું જોડાણ છે, જેમાંથી એક ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાં છે.

ધાનુકા એગ્રીટેક અને આણંદ કૃષિ યુનિવર્સિટીએ ગુજરાતના ખેડૂતોને શિક્ષિત કરવા જોડાણ કર્યું

એક અગ્રણી એગ્રોકેમિકલ કંપની ધાનુકા એગ્રીટેક લિ. અને આણંદ કૃષિ યુનિવર્સિટીએ એક દિવસ લાંબી વર્કશોપ 'સુરક્ષા સંકલ્પ'નું આયોજન કર્યુ હતુ. જેમાં ભારતીય ખેડૂતોને એક નવી વિદેશી જીવાત ફોલ આર્મીવોર્મના જોખમોનો સામનો કેવી રીતે કરવામાં આવે તે સમજાવવામાં આવ્યું હતું. આજે જાહેર ખાનગી ભાગીદારી મોડેલ હેઠળ વર્કશોપ યોજાઈ હતી અને ગુજરાતના આણંદ ખાતે સ્થિત આણંદ કૃષિ યુનિવર્સિટીના ઉપકુલપતી ડૉ. એન.સી. પટેલે તેનું અધ્યક્ષપદ સંભાળ્યું હતું.

દરોડા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

શ્રી વાસ્તવ એ ૧૨ આઈઆરએસ અધિકારીઓમાં સામેલ છે જેને ગત મહીને અનિવાર્ય રૂપે સેવાનિવૃતિ આપવામાં આવી હતી.

શ્રી વાસ્તવ પર નોએડામાં આવકર કમિશ્નર રહ્યા દરમિયાન છેતરપિંડી અને બનાવચનો આરોપ છે. તપાસ એજન્સી અનુસાર ટેક્સ અપીલ ૧ અને અપીલ ૨ દરમિયાન લગભગ ૧૦૪ આઈટી અપીલ પર નિર્ણય કરાયો.

ગુજરાતની સરકાર કુપોષણ મુક્તિ માટે ગંભીર : રૂપાણી

ગાંધીનગર,તા.૯

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજય વિધાનસભામાં પ્રશ્નોત્તરીકાળ દરમિયાન રાજયમાં કુપોષણથી પીડાતા બાળકોના પ્રશ્નના ઉત્તરમાં ઉપસ્થિત સૌ લોકપ્રતિનિધિઓને પક્ષાપક્ષીથી ઉપર ઉઠીને સમાજને કુપોષણથી મુક્ત કરવાના પ્રયાસને ઝૂંબેશ સ્વરૂપે વેગ આપવવા અનુરોધ કર્યો હતો. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, તંદુરસ્ત બાળક એ તંદુરસ્ત સમાજના પાયાની વાત છે. રાજયને કુપોષણ મુક્ત બનાવવા ઝૂંબેશના સ્વરૂપે જનઆંદોલન ઉપાડવામાં આવે તે જરૂરી છે. તેમણે લોકપ્રતિનિધિઓને પોત પોતાના વિસ્તારમાં જઈને આ દિશામાં ઝૂંબેશ સ્વરૂપે કાર્ય કરવા અનુરોધ કરી ઉમેર્યું હતું કે, આપણે સૌ ગુજરાતને કુપોષણ મુક્ત માટે સંકલ્પબદ્ધ થઈએ. મુખ્યમંત્રીએ બેટી બચાવો સાથે સાથે કુપોષણ હટાવો ઝૂંબેશને સૌના સાથથી મજબૂત કરવા આહવાન કર્યું હતું અને જણાવ્યું હતું કે, સરકાર કુપોષણના સામેના જંગને ગંભીરતાથી લઈ રહી છે. રાજય વિધાનસભામાં મહિલા અને બાળ કલ્યાણ મંત્રી વિભાવરી દવેએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, તા.૩૧.૦૫.૨૦૧૯ની સ્થિતિએ આણંદ અને વલસાડ જિલ્લામાં અનુક્રમે કુલ ૬૦૨૬ અને ૧૫૮૨ કુપોષિત બાળકો આવેલા છે. કુપોષણની સ્થિતિને સુધારવા રાજય સરકારે અનેકવિધ કામગીરી બજાવી છે. જેમાં આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને સવારે ગરમ નાસ્તો અને બપોરનું ભોજન આપવામાં આવે છે. અઠવાડીયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે. આણંદ અને વલસાડ જિલ્લાના તમામ ઘટકમાં ૬ માસ થી ૩ વર્ષના બાળકોને ટેકહોમ રેશન તરીકે બાલશક્તિ આપવામાં આવે છે. ૩ થી ૬ વર્ષના અને અતિ ઓછા વજનવાળા બાળકોને ત્રીજું ભોજન ઘરે લઈ જવા કેલેરી પ્રોટીન સભર ૫૦ ગ્રામનો લાડુ આપવામાં આવે છે. લાભાર્થીઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા રાજયના તમામ આંગણવાડી કેન્દ્રોમાં ડબલ ફોર્ટીફાઇડ મીઠું તેમજ ફોર્ટીફાઇડ તેલ પુરૂ પાડવામાં આવે છે.

ડો. લતા શર્માનો શુભેચ્છા સમારંભ યોજાયો

ધી ન્યૂ પ્રોગ્રેસિવ કોલેજ ઓફ ટીચર્ચ એજ્યુકેશન, મહેસાણાની સ્થાપનાકાળથી ડૉ. લતાકુમારી ડી. શર્માએ સતત પંદર વર્ષ સુધી પ્રાધ્યાપક તરીકે યશસ્વી કામગીરી કરી ડૉ. સુભાષ કોલેજ ઓફ એજ્યુકેશન, જુનાગઢમાં પ્રાધ્યાપક તરીકે નિમણૂંક થતાં તેમને શુભેચ્છા-વિદાય સમારંભ બી.બી.નાયક, નિવૃત્ત નાયબ સચિવ, સ્પીપાના અધ્યક્ષપદે તા. ૮-૭-૨૦૧૯ના રોજ યોજાયો હતો. કોલેજ તરફથી તેમને શ્રીફળ, સાકર, શાલ અને મોમેન્ટો આપી તેમની કામગીરીને બી.બી. નાયક, પ્રિ. ડૉ. એમ.કે. પટેલ, શૈક્ષણિક સ્ટાફ, બિન શૈક્ષણિક સ્ટાફ અને તાલીમાર્થીઓએ અભિવાદન કર્યું હતું અને તેમની ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છા પાઠવી હતી.

જુના ડીસાના તલાટી વિરુદ્ધ જિલ્લા વિકાસ અધિકારીને રજૂઆત

પંચાયતના સદસ્યો આંદોલન છેડવાના મૂડમાં

ડીસા, તા. ૯

ડીસા તાલુકાની જુનાડીસા ગ્રામ પંચાયતના સરપંચ અને સદસ્યોએ તલાટીની ગેરવર્તણૂકના મુદ્દે જિલ્લા વિકાસ અધિકારી સહિત ઉચ્ચસ્તરે રજૂઆતો કરી તલાટી સદસ્યો સાથે અશોભનીય વર્તન કરી સદસ્યોની જાણ બહાર ઠરાવો કરતા હોવાના આક્ષેપો પણ કર્યા હતા.

સરપંચ અને સદસ્યોએ લેખિત રજુઆતમાં જણાવ્યું હતું કે, તલાટી કચેરીમાં જતા અસભ્ય અને અપમાનજનક શબ્દો બોલે છે. મહિલા સદસ્યો અને ગ્રામજનોને પણ ઉતારી પાડે છે, ગામની વેરા વસુલાત, વિકાસના કામો, સફાઈ તેમજ સરકારના અન્ય કામોમાં અવરોધ ઉભો કરે છે, પંચાયતના રેકર્ડનો દુરૂપયોગ કરી ખોટી અકારણીઓ અને વાઉચરો બનાવાય છે, સમયસર હાજર ના રહેતા લોકો રઝળે છે અને પંચાયતના કામો ચાર પાંચ ધક્કા ખવડાવી વહેવાર લઈને કરતા હોવાના આક્ષેપ કરી સદસ્યોની જાણ બહાર એજન્ડામાં ન હોય તેવા ઠરાવો કરી નકલ પણ આપતા ન હોવાનું જણાવી તેમની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી અન્યથા તા.૧૫-૭-૨૦૧૯ના રોજ નાછૂટકે ગ્રામજનો સાથે પંચાયત કચેરીને તાળાંબંધી કરી ગાંધીચીંધ્યા માર્ગે આંદોલન છેડવાની ચીમકી ઉચ્ચારી હતી. જેને લઈ ગામમા ઉહાપોહ સર્જાયો છે.

ભાદોલ ખાતે માનસિક દિવ્યાંગતા અંગે લીટરસી કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લા અદાલતના લીગલ વોલિન્ટીયર જયરામ સોની તથા દિનેશ દવે દ્વારા કાલોલ તાલુકાના ભાદોલ ખાતે ઉમિયા વિકલાંગ ટ્રસ્ટ ખાતે લિટરસી પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૩૫ માનસિક વિશિષ્ટ બાળકો સાથે પ્રાર્થના તેમજ વાર્તાલાપ પણ કરવામાં આવ્યો હતો.

સમાજમાં માનસિક દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓનું અપમાન તેમજ અવલેહના થતી હોય છે, તેઓને પોતાની આ વ્યથા તેમજ ભુખ, તરસ, દુઃખ-દર્દ જેવી બાબતોને વ્યકત કરવા અનુભવવાની સમજ ના હોવાથી અન્ય વ્યક્તિઓની પ્રેમ, હૂંફ અને કાળજીની ઝંખના કરતા હોય છે. આવી માનસિક વિશિષ્ટ વ્યક્તિઓની સેવા કરતી સંસ્થા ઉમિયા વિકલાંગ ટ્રસ્ટ ખાતે આયોજિત લિટરસી કાર્યક્રમમાં લીગલ વોલિન્ટીયર જયરામ સોની તથા દિનેશ દવેએ માર્ગદર્શન આપ્યું હતુ જેમાં સમાજમાં મહિલાઓએ ધુમ્રપાન, કેફી પદાર્થો વગેરેથી દૂર રહેવુ, જંગ્ફુડ, ફાસ્ટફુડ, કોલ્ડ્રિંક્સ, વાસી ખોરાક વગેરેનું સેવન ન કરવુ જેવી બાબતોની સમજણ પુરી પાડી હતી. આ સાથે પ્રસુતિ દરમ્યાન પણ અનેક પ્રકારની સાવચેતી રાખવી જરૂરી છે જેથી બાળક માનસિક દિવ્યાંગ ના જન્મે તે અંગે પણ માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

અમદાવાદમાં નવા રહેણાંકોમાં ૧૫૭ ટકાનો નોંધપાત્ર વધારો

અમદાવાદ, તા.૯

દેશની જાણીતી કંપની નાઈટ ફ્રેન્ક ઈન્ડિયાએ ભારતના રિયલ એસ્ટેટની સ્થિત અને આંકડાને લઈ તેના ફ્લેગશિપ અર્ધવાર્ષિક અહેવાલની ૧૧મી આવૃત્તિ ઈન્ડિયા રિયલ એસ્ટેટ આજે અમદાવાદમાં રજૂ કરીહતી. આ અહેવાલમાં જાન્યુઆરીથી જૂન-૨૦૧૯ એમ પ્રથમ છ મહિનાના (એચ-૧ ૨૦૧૯)ના સમયગાળા દરમ્યાન દેશના આઠ શહેરોના રહેણાંક અને ઓફિસ માર્કેટ પ્રદર્શનનું વિગતવાર એનાલિસિસ કરવામાં આવ્યું હતું,

જેમાં સૌથી મહત્વના અને ચોંકાવનારા તારણ સામે આવ્યા હતા કે, અમદાવાદમાં યર ઓન યર રહેણાંક સ્કીમોમાં ૧૫૭ટકાનો અધધ કહી શકાય તેટલો દેશભરમાં સૌથી વધુ વધારો નોંધાયો છે. એચ-૧ ૨૦૧૮માં ૧,૩૨૩થી વધીને એચ૧ ૨૦૧૯માં ૩,૩૯૮ રહેણાંક યુનિટ્સ થઈ ગયા છે. આ સિવાય રહેણાંકના વેચાણમાં ૧.૫ ટકાનો વધારો નોંધાયો છે, જયારે ઓફિસ વોલ્યુમમાં ૨૫ ટકાનો નોંધપાત્ર વધારો નોંધાયો છે એમ અત્રે નાઈટ ફ્રેન્ક ઈન્ડિયાના અમદાવાદ બ્રાન્ચના ડાયરેક્ટર શ્રી બલબિરસિંઘ ખાલસાએ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ૨૦૧૯નો પ્રથમ હાફ અમદાવાદ શહેરના ઓફિસ માર્કેટ માટે ઘણો જ ઉત્સાહજનક રહ્યો છે જેમાં એચ-૧ ૨૦૧૮ની તુલનામાં વેચાણ પણ વધ્યું છે. તેનું એક મુખ્ય કારણ એ છે કે નાના બજારોમાં ગુણવત્તામાં ઘણો વધારો જોવા મળ્યો છે. અમદાવાદના પશ્ચિમ વિસ્તારના ઓફિસ માર્કેટમાં ધીમે ધીમે પરંતુ સાતત્યપૂર્ણ રીતે વધારો થઈ રહ્યો છે, ખાસ કરીને એસજી હાઈવેના આસપાસના વિસ્તારમાં આ વધુ જોવા મળે છે. શહેરમાં આ ડબલ ડિજિટ વેકન્સી રેટ દર્શાવે છે જે એચ ૧ ૨૦૧૮થી વધ્યો છે. જો કે, શહેરમાં વેચાણ નહી થયેલી અને ખાલી પડેલા ૩૪ ટકા યુનિટ્સ છે, જે આંક પણ ઘણો ઉંચો કહી શકાય. એચ૧ ૨૦૧૯માં નવી ઓફિસ સ્પેસમાં રોકોર્ડ ૦.૨૫ એમએનએસક્યુ એમ (૨.૬૫ એમએનએસ ક્યુએફટી)નો વધારો થયો છે.

જે એચ૧ ૨૦૧૮માં ૦.૦૮ એમએનએસક્યુ એમ (૦.૯૧ એમએનએસક્યુએફટી) હતો. ઓફિસ સ્પેસ વોલ્યુમમાં શહેરમાં એચ૧ ૨૦૧૯માં ૦.૦૫ એમએનએસક્યુ એમ (૦.૫૯ એમએનએસક્યુએફટી)નો વધારો થયો છે, જે એચ૧ ૨૦૧૮માં ૦.૦૪ એમએનએસક્યુ એન (૦.૪૦ એમએનએસક્યુએફટી) હતો એમ બલબિરસિંઘ ખાલસાએ ઉમેર્યું હતું.

પાલનપુર હરિપુરા વિસ્તારમાં રસ્તો અને ભૂગર્ભ ગટર ન બનતા પાલિકાનો ઘેરાવો કરવાની સ્થાનિકો રહીશોની ચીમકી

પાલનપુર

પાલનપુર શહેરના હરીપુરા વિસ્તારના રહીશો પીવાના પાણી, ભૂગર્ભ ગટર અને તૂટેલા રસ્તાના પ્રાથમિક સુવિધાથી વંચિત છે. સ્થાનિકો દ્વારા અવાર-નવાર પાલિકામાં રજુઆત કરવા છતા સત્તાધીશો દ્વારા આંખ આડા કાન કરવામાં આવતા હોવાના રહીશોએ હવે આગામી દિવસોમાં પાલિકાને ઘેરવાની ચીમકી ઉચ્ચારી છે.

પાલનપુર શહેરમાં માનસરોવર તળાવ નજીક આવેલા હરીપુરા વિસ્તારમાં ભૂગર્ભ ગટર વ્યવસ્થા જ નથી, જાહેર માર્ગ પરજ ગંદા પાણીના ખાબોચીયા ભરાય છે. જેથી મચ્છરોનો ઉપદ્રવ થવાના કારણે સ્થાનિક રહીશોમાં રોગ ચાળો ફાટી નિકળવાનો ભય રહે છે. અહીંના સ્થાનિક રહેવાસી બાબુભાઈએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓને શાળાએ જવા માટે પણ અનેક મુશ્કેલી પડે છે. આ બાબતે અવાર-નવાર નગરપાલિકાના સત્તાધિશોનું ધ્યાન દોરવામાં આવ્યુ હતુ.તેમજ રજુઆત પણ કરવામાં આવી છે. અહીંના નગરસેવક ભૂગર્ભ ગટર સમિતિના ચેરમેન હોવા છતાં પણ પાલિકા દ્વારા હરિપુરા વિસ્તારમાં આવતા નથી. × અહીંના સ્થાનિક રહેવાસીઓએ જણાવ્યુ હતુકે × આગામી દિવસોમાં જો અમારી સમસ્યાનો નિકાલ નહી કરવામાં આવે તો પાલિકામાં ઘેરાવ કરી વિરોધ દર્શાવવામાં આવશે.

પ્રાંતિજ ખાતે ભાવસાર સમાજ દ્વારા માતાજીની ઉજાણી અને ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે દરવર્ષ ની જેમ આ વર્ષે પણ પ્રાંતિજ ભાવસાર સમાજ દ્વારા હિંગળાજ માતાજીની ઉજાણી તથા તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો.

પ્રાંતિજ ખાતે રહેતા ભાવસાર સમાજ દ્વારા ભાવસાર સમાજની વાડી ખાતે દરવર્ષની જેમ આ વર્ષે પણ હિંગળાજ માતાજીની ઉજાણી કરવામાં આવી હતી જયારે પ્રાંતિજ ભાવસાર સમાજ દ્વારા છેલ્લા પચાસ વર્ષથી ઉજાણી કરવામાં આવે છે. સાથે સાથે સમાજના તેજસ્વી તારલાઓનો ઈનામ વિતરણ કાર્યક્રમ પણ ઈનામના દાંતા સ્વ. શાન્તાબેન ડાહ્યાલાલ ભાવસાર તરફથી આપવામાં આવ્યું હતું. સમાજના તેજસ્વી તારલાઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. દાંતાઓ સમાજના પ્રમુખોના હસ્તે ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. ઉપસ્થિત પ્રમુખો દાતાઓનુ પણ સમાજ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

આનંદનો ગરબો હેમાંગીનીબેન ભાવસાર તરફથી કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે દાંતા કૈલાસબેન અશોકભાઈ ભાવસાર, દિપકભાઈ ડાહ્યાલાલ ભાવસાર, પરેશભાઈ ભુપેન્દ્રભાઈ ભાવસાર, સમાજના પ્રમુખ અશોકભાઈ ચંદુલાલ ભાવસાર, મહિલા પ્રમુખ હર્ષાબેન વ્રજેશભાઈ ભાવસાર સમાજના અગ્રણીઓ આગેવાનો કારોબારી સભ્યો સહિત સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મહિલા મંડળના મંત્રી હેમાંગીનીબેન પરેશભાઈ ભાવસાર તથા સમાજના મહામંત્રી વ્રજેશભાઈ રમેશચંદ્ર ભાવસાર દ્વારા કરવામાં આવ્યું હતુ. ઉપસ્થિત સર્વેનો આભારવિધિ ગૌતમભાઈ ભાવસાર દ્વારા કરવામાં આવી હતી.

પાલનપુર જનસેવા કેન્દ્રમાં આધાર સેન્ટર પર કોમ્પ્યુટર ઓપરેટરની અછતથી અરજદારો હેરાન

પાલનપુર

પાલનપુર જનસેવા કેન્દ્રમાં આવેલા આધારકાર્ડ કેન્દ્ર પર દિવસ દરમિયાન ૧૦૦ થી વધુ લોકો પોતાના આધાર કાર્ડમાં સુધારા તેમજ આધારકાર્ડ નવા કઢાવવા આવતા હોય છે.પરંતુ કોમ્પ્યુટર તેમજ સ્ટાફની અછતને લઈ મોટાભાગના અરજદારોને આધારકાર્ડ કઢાવ્યા વિના જ પરત ફરવું પડી રહ્યું છે.જેને લઈ અરજદારોમાં રોષ ભભૂક્યો છે.

પાલનપુરના જનસેવા કેન્દ્રમાં છેલ્લા કેટલાક સમયથી આધારકાર્ડ સેન્ટર ઉભું કરાયું છે.જેમાં શહેર તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાંથી દિવસ દરમિયાન ૧૦૦ થી વધુ લોકો પોતાના આધાર કાર્ડમાં સુધારા તેમજ નવા આધારકાર્ડના રજીસ્ટ્રેશન માટે આવતા હોય છે.જેને લઈ દિવસ દરમિયાન સેન્ટર પર અરજદારોની લાંબી કતારો લાગેલી જોવા મળે છે.પરંતુ આધાર કાર્ડ સેન્ટર પર છેલ્લા કેટલાક સમયથી ફક્ત એક જ કોમ્પ્યુટર તેમજ એક જ માણસની નિમણૂક કરાતા અરજદારોને કલાકો સુધી કતારોમાં ઉભા રહેવું પડે છે.જેને લઈ કેટલાક અરજદારો કલાકો સુધી ઉભા રહ્યા બાદ લાઈનોમાં ભોયતળિયે જ ગોઠવાઈ જાય છે. જ્યારે દિવસ દરમિયાન એક કોમ્પ્યુટર દ્વારા ૪૦ થી ૫૦ આધારકાર્ડનું રજીસ્ટ્રેશન થાય છે.જેને લઈ મોટાભાગના અરજદારોને કલાકો સુધી કતારોમાં ઊભા રહ્યા બાદ સમય પૂર્ણ થઈ જતાં કાર્ડ કઢાવ્યા વિના પરત ફરવું પડે છે.

પાલનપુર જનસેવા કેન્દ્રમાં આધારકાર્ડ કઢાવવા આવેલા અરજદારો કતારોમાં ઉભા રહી થાક્યા બાદ ભોયતળિયે ગોઠવાઈ ગયા હતા.

ફુંકી દેવાયું

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

અથડામણના સ્થળ પર તપાસ કરવામાં આવી ત્યારે એક વર્ધીમાં મહિલા નક્સલીની લાશ મળી આવી હતી. ઘટનાસ્થળ નજીકથી મોટી માત્રામાં વિસ્ફોટકો કબજે કરવામાં આવ્યા હતા. સ્થળ પર લોહીના નિશાન મળી આવ્યા છે જે સાબિતી આપે છે કે અનેક ઘાયલ થયા છે. ઠાર મરાયેલી મહિલા નક્સલીની ઓળખ હજુ સુધી થઇ શકી નથી.

ભારતીય ટીમ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

તો માનચેસ્ટર મેદાન ખાતે રમાયેલી મેચમાં ભારતે ન્યુઝીલેન્ડ સામે એક મેચ રમી છે. ૧૯૭૫માં રમાયેલી આ મેચમાં ભારતની હાર થઇ હતી. આ મેદાન પર ભારતે કુલ ૧૦ મેચો રમી છે જે પૈકી પાંચમાં જીત અને પાંચમાં હાર થઇ છે. આ મેદાન પર સર્વોચ્ચ સ્કોર પાકિસ્તાનની સામે ભારતે આજ મેદાન પર બનાવ્યો હતો. ભારતે પાંચ વિકેટે ૩૩૬ રન આજ વર્લ્ડકપમાં બનાવ્યા છે. ડકવર્થ લુઇસ અનુસાર ભારતે આ મેચ ૮૯ રને જીતી લીધી હતી. રોહિત શર્મા આ મેદાન પર ભારત માટે સૌથી વધારે રન બનાવી ચુક્યો છે. બે મેચમાં તેના ૧૫૮ રન અને વેંકટેક્સ પ્રસાદની બે મેચમાં સૌથી વધુ સાત વિકેટ છે. રોહિત શર્મા વર્તમાન વર્લ્ડ કપમાં પાંચ સદી ફટકારી ચુક્યો છે. તે કોઇ એક વર્લ્ડ કપમાં સૌથી વધારે સદી ફટકારનાર બેટ્સમેન તરીકે રહ્યો છે. તેને હજુ પણ વધુ એક સદી ફટકારી દેવાની તક રહેલી છે.

વર્લ્ડ કપમાં બંને ટીમોના દેખાવની વાત કરવામાં આવે તો ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે વર્લ્ડ કપમાં હજુ સુધી આઠ મેચો રમાઇ છે. જે પૈકી ન્યુઝીલેન્ડની ટીમ ભારત પર સહેજમાં લીડ ધરાવે છે. ન્યુઝીલેન્ડે ભારત પર ચાર જીત મેળવી છે. ભારતે ત્રણ જીત મેળવી છે. એક મેચનુ પરિણામ આવી શક્યુ નથી. છેલ્લે વર્લ્ડ કપ ૨૦૦૩માં બંને ટીમો સામ સામે આવી હતી.

પાણીનો ભરાવો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ગંદકી વધુ હઠીલી બની છે. જયારે ગંદકી અને દુર્ગંધના લીધે સ્થાનિર રહીશોના આરોગ્ય સામે પણ ખતરો મંડરાયો છે. સેકટર-૩ ની ઇન્કવાયરીના માણસોએ આ ફરિયાદ અનુસંધાને માત્ર કહેવા પુરતી કામગીરી કરીને કામ અધુરુ છોડી દીધુ છે. જયારે હાલમાં પણ આ ઠેકાણે ગટરનુ દુષિત પાણી ઉભરાય છે. શહેરના મુખ્ય ગ માર્ગ પર ગ-૨ નજીક તેમજ સે-૫ ની સોસાયટીમાં ગટરનુ દુષિત પાણી ઉભરાતા સ્થાનિકો ગુંગળામણ અનુભવી રહ્યા છે. રહીશોના આરોગ્ય સામે પણ ખતરો મંડરાયો છે. આમછતા તંત્રના અધિકારીઓ કોઇ પગલા લેતા નથી. આ ફરિયાદના નિરાકરણ માટે ત્વરિત પગલા લેવાય તેવી પ્રબળ માંગ પણ સ્થાનિક જાગૃત નાગરિક ગણપતભાઇ પટેલે કરી છે.

વિધાનસભામાં...

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જિલ્લામાં ૯ ગૌશાળા પાંજરાપોળને સહાય ચુકવાઇ

રાજયમાં ગૌશાળા- પાંજરાપોળોને આંતરમાળખાકીય સુવિધાઓ પુરી પાડવા